BUSINESS મિત્ર Plus

# સ્પેસએક્સના ધમાકેદાર લિસ્ટિંગ અને ઈરાન પીસ ડિલની આશાએ શેરબજારોની તેજીને ટર્બો બુસ્ટ

અમેરિકા ઈરાન વચ્ચે પીસ ડિલ થવાની પ્રબળ આશાવાદ. એઆઈ મેમરી શેરોમાં તેજીનું શાનદાર કમબેક અને આગામી બુધવારે ફેડની બેઠકમાં વ્યાજદર નહી વધે, ફેડનું ગાઈડન્સ હોકીશ નહી રહે એવી આશાએ ડાઉન નાસદાક, કોસ્પી વગેરે ટેક શેરોમાં મૂડ અપબીટ રહ્યો હતો. પીસડિલના સથવારે અને ગ્લોબલ રિસ્ક ઓન એસેટ કહેતા ઈમર્જિંગ શેરબજારો, બુલિયનમાં તેજીના કમબેકથી ભારતીય શેરો તેમજ રૂપિયાને પણ સપોર્ટ મળ્યો હતો. એફઆઈઆઈ ભારતીય શેરબજારમાં હજૂ પણ વેચવાલ છે પણ એની સામે સ્થાનિક સંસ્થાઓ,

## ફેડની નાણાંનીતિ, એશિયામાં અલ નીનો, અમેરિકામાં મોંઘવારી શોર્ટ ટર્મ વાઈલ્ડ કાર્ડ

એઆઈએફ, મ્યુ ફંડ, ફેમિલી ઓફિસ વગેરે સ્થાનીક શેરોમાં ડિપ બાયર દેખાય છે. સરકારે રૂપિયાની નરમાઈ રોકવા ફોરવર્ડ ડોલર સ્વેપ કર્યા પછી હવે ફોરિન કરન્સી ડોલર ડિપોઝિટને પરવાનગી આપી છે. આ યોજનામાં એનઆરઆઈ ૭ ટકા સુધી વ્યાજ મેળવી શકશે. એફસીએનઆર રુટથી અંદાજે ૪૦-૪૫ અબજ ડોલર જેટલા નાણાં આવી શકે છે. ૧૦૦ દિવસથી હોરમુઝ બંધ હોવા છતા ભારતનો જીડીપી વિકાસદર વિશ્વમાં સૌથી બેસ્ટ, ૬.૫ ટકા આસપાસ છે એમ વર્લ્ડ બેન્ક કહે છે. એઆઈ મેનિયા પુરબહારમાં ખીલ્યો છે. સ્પેસ એક્સનો ૭૫ અબજ ડોલરનો આઈપીઓ ૧૩૫ ડોલરે ઓફર થયા પછી ૧૫૦ ડોલરે લિસ્ટિંગ થઈ ૧૬૦ ડોલરે બંધ રહ્યો છે. પહેલા દિવસે સ્પેસએક્સનું માર્કેટકેપ ૨.૧ ટ્રિલિયન ડોલર થયું છે.

એલોન મસ્ક વિશ્વના પ્રથમ ટ્રિલિયોનેર બન્યા છે. હવે એન્થ્રોપિક, ઓપન એઆઈ વગેરે એઆઈ કંપનીઓના મેગા આઈપીઓ પર બજારની નજર છે.

આગામી બુધવારે ફેડની બેઠક છે. નવા ચેરમેન કેવીન વોર્શની આ પહેલી મીટીંગ છે. નાણાંનીતિ મામલે ફેડનું ફોરવર્ડ ગાઈડન્સ કેવુ રહે એ જાણવા બજારો ઉત્સૂક છે.



જીઓપોલિટક્સ મામલે ટ્રમ્પે ગત સપ્તાહે કહ્યું હતું કે અમેરિકા-અને ઈરાન વચ્ચે રવિવારે પિસ ડિલ થશે. સોમવારે હોરમુઝ ખૂલી જશે, જો કે રવિવારે સાંજ સુધી પીસડિલ અધ્ધરતાલ જ છે. ઈરાને એવું કહ્યું છે કે તેઓ હજૂ તો અમેરિકી પ્રપોઝલ વાંચી રહયા છે. દરમિયાન શનિવારે યુક્રેને રશિયાના કેમિકલ પ્લાન્ટ પર હુમલો કર્યાના અને ઈઝરાયેલે લેબેનોન પર હુમલો કર્યાના સમાચારો મળે છે એ જોતા આજે ક્રુડ ઓઈલમાં ઉછાળો આવી શકે.

ભારતીય બજારોની વાત કરીએ તો ગ્લોબલ રિસ્ક એસેટના રિબાઉન્ડનો લાભ નિફ્ટી અને રૂપિયાને પણ મળ્યો છે. શુક્રવારે સેન્સેક્સ ૧૬૦૦ પોઈન્ટ વધ્યો હતો. આરબીઆઈએ ફુગાવાનો અંદાજ ૪.૬ ટકાથી વધારીને ૫.૧ ટકા કર્યો છે. ચોમાસાની શરુઆત મોડી અને અનિયમીત થઈ છે. જૂલાઈ-ઓગષ્ટમાં વરસાદ કેવો રહે છે તેમજ ગલ્ફ-યુક્રેનમાં ટકાઉ શાંતી કયારે આવે એના પર પીસ ડિવિડંડની તેજીનો આધાર છે. ટ્રમ્પના ટ્રુથ સોસયલ પર ક્રુડ ક્રિપ્ટો,પંસંદગીના ટેકનોલોજી સેક્ટર અંગે પ્રાઈસ સેન્સીટીવ ટિપ્પણી પછી તરત જે તે એસેટમાં મોટી વધઘટ આવે છે. એવરીથિંગ ઈઝ રિગ્ડ ઈકોનોમીમાં પણ કયાક તો તક મળે, તકોનો દુકાળ નથી હોતો. ઘરઆંગણે બજાર સ્ટેબલ થયા છે. એફઆઈઆઈનું સેલીંગ લગાતાર ચાલુ છે પણ હવે લોકલ ડીઆઈઆઈ, રિટેલ ઈન્વેસ્ટરોની એસઆઈપી, એઆઈએફ, ફેમીલી ઓફિસનું ડીપ બાઈંગ જોતા હોરમુઝ પીસ ડિલ કે ચોમાસાની પ્રગતી વેગ પકડે તો બજારોમાં સ્પ્રિંગ જેવો ઉછાળો આવી શકે. ડિઝલના વેચાણ પર રેશનીંગ, ઈંધણના ભાવોમાં તબક્કાવાર ભાવવધારો ફ્લેકસ ફ્યુલને એકસાઈઝમાંથી મુક્તિ વગેરે મલ્ટિપલ સ્ટ્રેટેજી અપનાવી સરકાર ઉર્જાકટોકટી હળવી કરવા સતત કાર્યરત છે.

મેક્રોલેવલે રિઝર્વ બેન્કે તાજેતરની મિટિંગમાં રેપોરેટ યથાવત રાખ્યા હતા. ક્રેડિટ ઓફટેક સારો છે. સરકારો ફિસ્કલ ઈઝિંગ પણ સપોર્ટ કરી રહી છે, ઓટો, બેન્કિંગ, એનર્જી શેરો લાઈમલાઈટમાં છે.

શેરબજારો તેમજ કોમોડિટી બજારો માટે સૌથી મોટુ લોકલ ટ્રિગર ચોમાસુ અને અલ નીનો ફેકટર છે. ચોમાસાનો

**બિરેન વકીલ**

આરંભ થોડો મોડો થયો છે. દક્ષિણ ભારત અને પૂર્વભારતમાં વરસાદ સંતોષકારક છે. પણ મધ્ય ભારત, નોર્થ તેમજ પ. ભારતમાં વરસાદ ૨૦-૩૦ જૂવ આસપાસ આવવાની અને અનિયમીત રહેવાની આશંકા છે. અલ નીનો ઝડપથી સક્રિય થઈ રહ્યુ છે એ જોતા ઓગષ્ટ-સપ્ટેમ્બરમાં એમપી-મરાઠાવાડા-ગુજરાત અને રાજસ્થાનના અમુક ભાગોમાં વરસાદ અપૂરતો રહેવાના અનુમાનો વૈશ્વિક વેધર એજન્સીઓ કરે છે. અપૂરતો વરસાદ આવે તો મગફળી, ચોખા, મકાઈ, શેરડી જેવા પાકોના ઉત્પાદન પર વિપરીત અસર પડી શકે, એરંડા, ગવાર, સોયાબીન, કપાસ પરત્વે ઝુકાવ વધે. હાલમાં કપાસ અને મગફળી વાવેતરમાં હોટ ફેવરીટ છે.

બુલિયનની વાત કરીએ તો લંડન સોનું ૪૩૦ ડોલરથી પછીથી ૨૨૦ ડોલર રિબાઉન્ડ થયું. ચાંદી ૬૧.૪૬ થઈને ૬૮ ડોલર સુધી રિબાઉન્ડ થઈ. રૂપિયોના સ્તેર મજબૂત બંધ થયો.

વિશ્વ બજારમાં આગામી બુધવારે ફેડ કદાચ રેટ યથાવત રાખશે પણ આગળ પર એકાદ હાઈક આવી શકે. જો કે સૌથી મોટું વાઈલ્ડ કાર્ડ જાપાન છે. યુરોપમાં આગળ પર રેટ હાઈક લગભગ નક્કી છે. જાપાનમાં ફુગાવો મચક ન આપતો હોઈ જાપાન એક ટકા જેવો મોટો વ્યાજદર વધારો કરે એવો ભીતિ છે. હાલમાં જાપાન મિડલ પાવર્સ- મધ્યમ કક્ષાના દેશોમાં સુપર પાવર છે. જાપાનમાં મોટો રેટહાઈક અમેરિકા કે ઈસીબીને પણ રેટહાઈક કરવા મજબૂર કરી શકે છે.

# ઈરાન યુદ્ધ અટકવાથી ભારતીય કોર્પોરેટ કંપનીઓને મોટી રાહત

અમેરિકાએ શુક્રવારે જાહેર કર્યું કે ઈરાન સાથે શાંતિ કરાર નજીક છે અને યુદ્ધ બંધ થઈ રહ્યું છે, જેના કારણે ઊર્જાના ભાવ, નૂર ભાડું અને સપ્લાય-ચેઈનમાં અવરોધો અંગેની ચિંતાઓ હળવી થઈ છે. આ સમસ્યાઓ છેલ્લા ત્રણ મહિનાથી વધુ સમયથી વ્યવસાયો પર બોજ બની રહી હતી. હવે ભારતીય કોર્પોરેટ જગત નાણાકીય વર્ષ 2027માં વધુ સ્થિરતાની આશા રાખી રહ્યું છે.



ઉદ્યોગ જગતના અગ્રણીઓએ જણાવ્યું હતું કે આ કરાર, જે આગામી સપ્તાહમાં થઈ શકે છે, તે આ વર્ષે કંપનીઓ સામેના સૌથી મોટા બાહ્ય જોખમોમાંથી એકને દૂર કરે છે. આનાથી કોમોડિટીના ભાવ, લોજિસ્ટિક્સ ખર્ચ અને મૂડી ફાળવણીની યોજનાઓ પર સ્પષ્ટતા વધવાની અપેક્ષા છે. પેકેજિંગ ખર્ચ, જે ઉદ્યોગના અધિકારીઓના અંદાજ મુજબ 28 ફેબ્રુઆરીએ સંઘર્ષ શરૂ થયો ત્યારથી 60-70% વધી ગયો હતો, તેમાં પણ ઘટાડો થવાની સંભાવના છે.

શાંતિ કરારની આ પહેલને પગલે શુક્રવારે વૈશ્વિક બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ઓઈલનો ભાવ 5% થી વધુ ઘટીને માર્ચ મહિના પહેલાના સ્તર એટલે કે બેરલ દીઠ $85.80 પર આવી ગયો હતો. આ ઘટનાક્રમ ભારત માટે ખાસ કરીને મહત્વનો છે, કારણ કે ભારત તેની ક્રૂડ ઓઈલની જરૂરિયાતના 85% થી વધુ આયાત કરે છે અને ગલ્ફ (અખાત) ના દરિયાઈ માર્ગો પર ખૂબ નિર્ભર છે.

## ભૂરાજકીય તણાવ હળવો થવાથી કંપનીઓ પોતાનું ધ્યાન ખર્ચ વ્યવસ્થાપન અને કટોકટી આયોજન પરથી હટાવીને ગ્રોથ સ્ટ્રેટેજી અને બિઝનેસ વિસ્તરણની યોજનાઓ પર કેન્દ્રિત કરી શકશે

હોર્મુઝની સામુદ્રધુનીમાં અવરોધોની આશંકાએ બજારોને હચમચાવી દીધા હતા અને એફએમસીજી (FMCG), કન્ઝ્યુમર ડ્યુરેબલ્સથી લઈને એવિએશન અને મેન્યુફેક્ચરિંગ જેવા ક્ષેત્રોમાં બિઝનેસ પ્લાનિંગ મુશ્કેલ બનાવી દીધું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ભૂરાજકીય તણાવ હળવો થવાથી કંપનીઓ પોતાનું ધ્યાન ખર્ચ વ્યવસ્થાપન અને કટોકટી આયોજન પરથી હટાવીને ગ્રોથ સ્ટ્રેટેજી અને બિઝનેસ વિસ્તરણની યોજનાઓ પર કેન્દ્રિત કરી શકશે. વ્યવસાયો માટે અને ખાસ કરીને ભારત જેવા ઊર્જાની આયાત કરતા અર્થતંત્રો માટે આ એક આવકારદાયક બાબત છે તેમ ડાબરના ગ્લોબલ ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર મોહિત મલ્હોત્રાએ જણાવ્યું હતું.

ભૂરાજકીય અનિશ્ચિતતા ઘટવાથી રોકાણકારોનો આત્મવિશ્વાસ વધશે, પ્લાનિંગમાં સ્પષ્ટતા આવશે અને કોમોડિટી બજારોમાં વધુ સ્થિરતા લાવવામાં મદદ મળશે. વધતા કોમોડિટી અને લોજિસ્ટિક્સ ખર્ચથી સૌથી વધુ પ્રભાવિત થયેલી ગ્રાહક-લક્ષી કંપનીઓનું કહેવું છે કે જો સંઘર્ષ લાંબો ચાલ્યો હોત, તો કિંમતોમાં ફરી એકવાર વધારો કરવો પડ્યો હોત. "ગલ્ફ ક્ષેત્રમાં તણાવ ઓછો થાય તે આવકાર્ય છે. ઈરાન યુદ્ધના કારણે બિઝનેસમાં મોટો અવરોધ ઊભો થયો હતો," તેમ હાયર એપ્લાયન્સીસ ઈન્ડિયાના સીઈઓ એનએસ સતીષે જણાવ્યું હતું. કન્ઝ્યુમર ડ્યુરેબલ કંપનીઓએ આ વર્ષે જાન્યુઆરી અને એપ્રિલ વચ્ચે બે વાર ભાવવધારો કર્યો હતો.

જાન્યુઆરીનો વધારો સુધારેલા

**ઈકોનોમી ઈન્સાઈડર**

એનર્જી-એફિશિયન્સી નિયમો સાથે જોડાયેલો હતો, જ્યારે એપ્રિલનો વધારો ઈરાન સંઘર્ષને કારણે વધેલી કોમોડિટી મોંઘવારીને લીધે હતો. જો યુદ્ધ વધુ ખેંચાયું હોત, તો વધુ એક ભાવવધારો અનિવાર્ય બન્યો હોત.

આ સંઘર્ષ ભારતીય ઉદ્યોગ જગત માટે એક મુખ્ય ચિંતા તરીકે ઉભરી આવ્યો હતો, જેણે એવા સમયે ક્રૂડના ભાવોમાં સતત અસ્થિરતા અને સપ્લાય-ચેઈનની સમસ્યાઓનો ડર વધાર્યો હતો જ્યારે કંપનીઓ પહેલાથી જ ગ્રાહકોની અસમાન માંગ અને હવામાન સંબંધિત અનિશ્ચિતતાઓનો સામનો કરી રહી હતી. નિકાસકારો અપેક્ષા રાખે છે કે આ કરારથી ફ્રેટ રેટ, મરીન ઈન્સ્યોરન્સ પ્રીમિયમ અને ડિલિવરીના સમયપત્રક પરનું દબાણ ઓછું થશે, જે તમામ સંઘર્ષ દરમિયાન અત્યંત અસ્થિર બની ગયા હતા. Federation of Indian Export Organisations (FIEO)ના ડાયરેક્ટર જનરલ અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અજય સહાયે જણાવ્યું હતું કે, નિકાસકારો અમુક સમય માટે વધુ ખર્ચ સહન કરી શકે છે, પરંતુ ફ્રેટ, ઈન્સ્યોરન્સ અને ટ્રાન્ઝિટ ટાઈમ અંગે લાંબી અનિશ્ચિતતા પ્લાનિંગને મુશ્કેલ બનાવી દે છે. આ પ્રદેશમાં વધુ સ્થિરતા આવવાથી વેપારના પ્રવાહને વેગ મળશે અને બિઝનેસ કોન્ફિડન્સ સુધરશે.

# ઈંધણના વધતા ભાવથી ભારતીયોનો મૂડ ઈલેક્ટ્રીક વાહનો તરફ વળ્યો

ઈરાન યુદ્ધને કારણે ઈંધણના વધતા ભાવે ભારતીય કાર માર્કેટની દિશા સંપૂર્ણપણે બદલી નાખી છે. ચાર્જિંગ અને મોંઘા ભાવની ચિંતા છોડીને લોકો હવે ઝડપથી ઈલેક્ટ્રિક વાહનો ખરીદી રહ્યા છે. ડિમાન્ડ એટલી વધી ગઈ છે કે ગ્રાહકોને મારૂતિ, ટાટા અને મર્સિડીઝ જેવી લક્ઝરી કાર માટે ત્રણ મહિના સુધી રાહ જોવી પડી રહી છે.

ઈરાન યુદ્ધને કારણે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં આગ લાગવાથી ભારતીય કાર ખરીદદારોને એવો ફટકો લાગ્યો છે જેની ઓટો કંપનીઓને પણ આશા નહોતી. ગઈકાલ સુધી, ભારતીય ગ્રાહકો કે જેઓ ચાર્જિંગ સ્ટેશનના અભાવ અને ઊંચા ભાવને કારણે ઈલેક્ટ્રિક કારથી પોતાને દૂર રાખતા હતા, આજે તે જ લોકો શોરૂમની બહાર લાઈનમાં ઉભા છે. દેશમાં ઈલેક્ટ્રિક કારનું વેચાણ એટલી તોફાની ગતિએ ચાલી રહ્યું છે કે કંપનીઓ વાહનો બનાવીને થાકી ગઈ છે, પરંતુ માંગ ઘટવાનું નામ લઈ રહી નથી. સ્થિતિ એ છે કે લોકોને હવે અઠવાડિયાઓ સુધી નહીં, પરંતુ મારૂતિ સુઝુકીથી માંડીને મર્સિડીઝ બેન્ઝ સુધીની કરોડો રૂપિયાની ગાડીઓ માટે લોકોને અઠવાડિયાઓ નહીં, લાંબા સમય સુધી રાહ જોવી પડી




રહી છે. બજારનો મૂડ હવે સંપૂર્ણપણે બદલાઈ ગયો છે. કંપનીઓએ હવે

## ઈલેક્ટ્રીક વાહનોની માગ એટલી વધી કે ગ્રાહકોને ત્રણ મહિનાનું વેઈટીંગ કરવું પડે છે

વાહનો વેચવા માટે ઓફર કરવાની જરૂર નથી, પરંતુ ગ્રાહકો પોતે વિનંતી કરી રહ્યા છે.

આ અનિયંત્રિત ગતિની સૌથી મોટી અસર લક્ઝરી કાર સેગમેન્ટ પર જોવા મળી છે. મર્સિડીઝ બેન્ઝ અને બીએમડબલ્યુ જેવી દિગ્ગજ કંપનીઓ દ્વારા ભારત માટે વર્ષ માટે નિર્ધારિત ક્વોટા થોડા મહિનામાં સંપૂર્ણપણે સાફ થઈ ગયો છે. મર્સિડીઝ બેન્ઝ ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટરનું કહેવું છે કે માર્ચથી બેટરીથી ચાલતી ઈલેક્ટ્રિક કારની માંગમાં 40 ટકાનો મોટો ઉછાળો આવ્યો છે. એપ્રિલમાં કંપની દ્વારા લોન્ચ કરવામાં આવેલી તેની અદભૂત સીએલએ ઈલેક્ટ્રિક સેડાનની માંગે તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. પરિસ્થિતિ એ છે કે ડીલરોએ આ કાર માટે નવી બુકિંગ લેવાનું બંધ કરી દીધું

**ઓટો વોચ**

છે કારણ કે પહેલાથી જ બેથી ત્રણ મહિનાનો પ્રતીક્ષા સમયગાળો છે. હવે કંપની તેના વિદેશી મુખ્યાલયને વિનંતી કરી રહી છે કે ભારત માટે વધુ વાહનો ફાળવવામાં આવે. બીએમડબલ્યુ ગ્રુપ ઈન્ડિયાની પણ આવું જ હાલત છે. કંપનીના પ્રમુખ હરદીપ સિંહ બ્રારે જણાવ્યું હતું કે તેઓએ આ વર્ષની શરૂઆતમાં વર્ષ 2026ના છેલ્લા મહિનાઓ માટે સાચવેલા સ્ટોકનો ઉપયોગ કરી દીધો છે. બીએમડબલ્યુના કુલ વેચાણમાં ઈલેક્ટ્રિક કારનો હિસ્સો ડિસેમ્બરમાં માત્ર 21 ટકાથી વધીને મે મહિનામાં રેકોર્ડ 33 ટકા થયો છે.

ઈલેક્ટ્રિક સેગમેન્ટમાં ધીમી શરુઆત કરનારી સામાન્ય માણસની ફેવરિટ કાર કંપની મારુતિ સુઝુકી હવે આ રેસમાં મોખરે પહોંચવા માટે આતુર છે. મારુતિની નવી ઈ-વિટારા એસયુવીનું બુકિંગ છેલ્લા એક મહિનામાં બમણું થઈ ગયું છે અને તેના પર છથી આઠ અઠવાડિયાનો વેઈટિંગ પિરિયડ છે.

મારુતિ સુઝુકીના માર્કેટિંગ અને સેલ્સના સિનિયર એક્ઝિક્યુટિવ ઓફિસરનું માનવું છે કે મધ્ય પૂર્વમાં આ તણાવ ગ્રાહકો માટે ઈલેક્ટ્રિક વાહનો તરફ વળવા માટે એક ટર્નિંગ પોઈન્ટ સાબિત થયો છે. તેમણે સ્પષ્ટપણે કહ્યું હતું કે રાતોરાત ઉત્પાદન વધારી શકાય તેમ નથી, જોકે ગુજરાતના હાંસલપુરમાં કંપનીની ચોથી પ્રોડક્શન લાઈન આ જુલાઈથી શરૂ થશે, જેનાથી ગ્રાહકોને થોડી રાહત મળવાની અપેક્ષા છે.

બીજી તરફ, ગ્રાહકોને ટાટા મોટર્સની લોકપ્રિય પંચ અને ટિયાગો ઈવી ઘરે લઈ જવા માટે લગભગ છ અઠવાડિયા રાહ જોવી પડશે. ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સના મેનેજિંગ ડિરેક્ટરે એક ચોંકાવનારો આંકડો શેર કર્યો છે કે કંપનીને ઈલેક્ટ્રિક કારની કુલ કારની માંગના 30થી 33 ટકા મળી રહી છે, જ્યારે સપ્લાય ચેઈનના મુદ્દાઓને કારણે તેઓ માત્ર 15 થી 16 ટકા વાહનો પહોંચાડી શકે છે. એટલે કે સ્પષ્ટ છે કે હવે દેશમાં ઈવી ખરીદનારાઓની અછત નથી, પરંતુ કંપનીઓ પાસે વાહનો બનાવવા માટે વાહનોની અછત પડી રહી છે.

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાની નવી XEV 9eમાં પણ વેરિઅન્ટના આધારે છથી આઠ અઠવાડિયાની લાંબી કતાર છે. તે જ સમયે, જેએસડબ્લ્યુ એમજી મોટરની વિન્ડસર અને ઝેડએસ ઈવી જેવા વાહનો, જે થોડા સમય પહેલા સુધી શોરૂમમાં જતાની સાથે જ ઉપલબ્ધ હતા, તે પણ આજે એક મહિનાની રાહ જોઈ રહ્યા છે.

જેએસડબ્લ્યુ એમજી ડીલરે ખૂબ જ સચોટ રીતે કહ્યું હતું કે હવે બજાર સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. અગાઉ, કંપનીઓ ગ્રાહકોને ઈલેક્ટ્રિક વાહનો ખરીદવા માટે સમજાવતી હતી, પરંતુ હવે ગ્રાહકો જાતે જ આવી રહ્યા છે અને જાતે જ ઈવી અપનાવી રહ્યા છે. ભારતીય ઓટોમોબાઈલ જગતના ઈતિહાસમાં આ એક મોટા પરિવર્તનની શરૂઆત છે.

# ભારતના એઆઈ ઈન્ફ્રાસ્ટ્રકચર વિસ્તરણના બાંગ્લાદેશી મૂળના મહારથી : રોબિન ખુદા

બ્લેકસ્ટોનનું પીઠબળ ધરાવતી ડેટા સેન્ટર ક્ષેત્રની અગ્રણી કંપની એરટ્રંક (AirTrunk)એ ૨૦૩૦ સુધીમાં ભારતમાં $૩૦ બિલિયન (આશરે ૩ લાખ કરોડ) થી વધુના રોકાણની એક વિશાળ યોજના રજૂ કરી છે. ૫ ગીગાવોટ(GW)થી વધુ ડેટા સેન્ટર ક્ષમતા વિકસાવવાના લક્ષ્ય સાથે, આ પગલું એશિયા-પેસિફિકના આ હાઈપરસ્કેલ ઓપરેટરને ભારતના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(AI) ઈન્ફ્રાસ્ટ્રક્ચર બૂમના બિલકુલ કેન્દ્રમાં લાવી દે છે. ભારતના એઆઈ માળખાના ઐતિહાસિક વિસ્તરણના મહારથી રોબિન ખુદા છે, જેઓ બાંગ્લાદેશમાં જન્મેલા ઓસ્ટ્રેલિયન ઉદ્યોગસાહસિક છે અને તેમના આશ્ચર્યજનક ઉદયે વૈશ્વિક બજારોનું ધ્યાન ખેંચ્યું છે.



રોબિન ખુદા, જેમને ૨૦૨૩ માટે 'ધ ઓસ્ટ્રેલિયન ફાઈનાન્સિયલ રિવ્યુ' દ્વારા 'બિઝનેસ પર્સન ઓફ ધ યર' તરીકે જાહેર કરવામાં આવ્યા હતા, તેઓ એક સેલ્ફ-મેડ અબજોપતિ છે જેમણે પોતાની સંપત્તિનો મોટો હિસ્સો ડેટા સેન્ટર્સના નિર્માણ દ્વારા મેળવ્યો છે. ફોર્બ્સ અનુસાર, આજે તેમની નેટવર્થ $૨.૧ બિલિયન છે. બ્લેકસ્ટોન અને કેનેડા પેન્શન પ્લાન ઈન્વેસ્ટમેન્ટ બોર્ડ (CPPIB) ના સમર્થનવાળું આ પ્રસ્તાવિત રોકાણ, દેશમાં હાલમાં વિચારણા હેઠળના સૌથી મોટા ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોગ્રામ્સમાંનું એક છે.

ભારતમાં ડેટા સેન્ટર્સ બનાવવા પર કેન્દ્રિત આનાથી મોટા રોકાણોમાં અદાણી ગ્રુપ જેવી કંપનીઓ સામેલ છે, જેણે ભારતમાં રિન્યુએબલ (નવીનીકરણીય) ઊર્જા આધારિત ડેટા સેન્ટર્સ બનાવવા માટે $૧૦૦ બિલિયનના રોકાણનો પ્રસ્તાવ મૂક્યો છે.

એરટ્રંકે જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ બહુવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ફેલાયેલો હશે અને તે ક્લાઉડ તેમજ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ની આગામી માંગને સપોર્ટ કરશે. આ જાહેરાત એપ્રિલ ૨૦૨૬ માં 'લુમિના ક્લાઉડઈન્ફ્રા'ના અધિગ્રહણ દ્વારા એરટ્રંકના ભારતમાં પ્રવેશ બાદ આવી છે. તે સોદાથી કંપનીને મુંબઈ, ચેન્નઈ અને હૈદરાબાદમાં શરૂઆતી ૬૦૦ મેગાવોટ (MW) ની ડેવલપમેન્ટ પાઈપલાઈન મળી હતી. આ સ્કેલ મહારાષ્ટ્રમાં અત્યારથી જ જોવા મળી રહ્યો છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે અગાઉ જણાવ્યું હતું કે રાયગઢ પેન ગ્રોથ સેન્ટર ખાતે

## ભારતના એઆઈ માળખાના ઐતિહાસિક વિસ્તરણના મહારથી રોબિન ખુદા છે, જેઓ બાંગ્લાદેશમાં જન્મેલા ઓસ્ટ્રેલિયન ઉદ્યોગસાહસિક છે અને તેમના આશ્ચર્યજનક ઉદયે વૈશ્વિક બજારોનું ધ્યાન ખેંચ્યું છે

પ્રસ્તાવિત ૩ ગીગાવોટ (GW) ના ડેટા સેન્ટર પ્રોજેક્ટ માટે જમીન ફાળવણી માટે લેટર ઓફ ઈન્ટેન્ટ (LoI) ની આપ-લે કરવામાં આવી છે, જેમાં આશરે ૨ લાખ કરોડનું રોકાણ સામેલ છે.

ઢાકામાં જન્મેલા અને ઉછરેલા ખુદા ૧૯૯૭ માં ઓસ્ટ્રેલિયા ગયા અને એકાઉન્ટિંગનો અભ્યાસ કરવા માટે યુનિવર્સિટી ઓફ ટેકનોલોજી સિડનીમાં પ્રવેશ મેળવ્યો. બાદમાં તેમણે માન્ચેસ્ટર બિઝનેસ સ્કૂલમાંથી MBA પૂર્ણ કર્યું અને પ્રોફેશનલ એકાઉન્ટિંગની લાયકાતો મેળવી. હાઈપરસ્કેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધી પહોંચવાનો તેમનો રસ્તો કોઈ પરંપરાગત ટેક અબજોપતિ જેવો નહોતો. તેમણે ફુજિત્સુ ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ સહિત ટેકનોલોજી, ટેલિકોમ અને ક્લાઉડ સંબંધિત ભૂમિકાઓમાં કામ કર્યું હતું. ત્યારપછી તેઓ 'પાઈપ નેટવર્ક્સ'માં ચીફ ફાઈનાન્સિયલ ઓફિસર (CFO) બન્યા - જ્યાં તેઓ ફાઈનાન્સ, સ્ટ્રેટેજી અને M|Aમાં સામેલ હતા, જેમાં કંપનીનું TPG ટેલિકોમ સાથેનું મર્જર પણ સામેલ હતું. ત્યારબાદ તેઓ ડેટા સેન્ટર કંપની NEXTDC માં જોડાયા, અને જ્યારે આ સેક્ટરે વ્યાપક સંસ્થાકીય રોકાણકારોનું ધ્યાન આકર્ષિત કરવાનું શરૂ કર્યું ત્યારે તેઓ રોકાણકારો સાથે નજીકથી કામ કરી રહ્યા હતા.

એરટ્રંકની સ્થાપના ૨૦૧૫ માં થઈ હતી. તેનો શરૂઆતનો તબક્કો મુશ્કેલ હતોઃ ખુદાએ જાહેરમાં જણાવ્યું છે કે જ્યારે બહારથી ફંડિંગ મેળવવું મુશ્કેલ હતું ત્યારે તેમણે પોતાની અંગત બચતનો ઉપયોગ કર્યો હતો. ૨૦૧૭ સુધીમાં, કંપનીએ સિડની અને મેલબોર્નમાં મોટા કેમ્પસ ખોલ્યા હતા. ૨૦૨૪ માં, બ્લેકસ્ટોનની આગેવાની હેઠળના કન્સોર્ટિયમે $૨૪

**સ્પેશિયલ**

બિલિયનના ટ્રાન્ઝેક્શનમાં એરટ્રંક હસ્તગત કરી, જેમાં ખુદા સ્થાપક અને CEO તરીકે ચાલુ રહ્યા. કંપની હવે પોતાને એશિયા-પેસિફિક અને મિડલ ઈસ્ટ હાઈપરસ્કેલ પ્લેટફોર્મ તરીકે ઓળખાવે છે, જે ઓસ્ટ્રેલિયા, હોંગકોંગ, ભારત, જાપાન, મલેશિયા અને સિંગાપોરમાં કાર્યરત છે. સાઉદી અરેબિયાએ તાજેતરમાં HUMAIN સાથેની વ્યૂહાત્મક ભાગીદારી દ્વારા તેના નકશામાં પ્રવેશ કર્યો છે. એરટ્રંક પાસે સિડની, હોંગકોંગ, ટોક્યો અને ઓસાકા સ્થિત ડેટા સેન્ટર ઓપરેશન્સ સાથે વિશાળ વૈશ્વિક પોર્ટફોલિયો છે. અગ્નિ એશિયામાં, તે સિંગાપોરમાં કાર્યરત છે અને મલેશિયાના જોહોર બહરુમાં આક્રમક રીતે વિસ્તરણ કરી રહી છે. ભારતમાં, તેની સૂચિબદ્ધ પાઈપલાઈનમાં મુંબઈના ત્રણ પ્રોજેક્ટ સહિત પાંચ પ્રોજેક્ટ સામેલ છે. તાજેતરની રોકાણ યોજના આ હાજરીને એક અલગ જ સ્તરે લઈ જશે.

એરટ્રંક માટે, ભારત એ બધું જ પ્રદાન કરે છે જે હાઈપરસ્કેલ ઓપરેટર્સ શોધતા હોય છેઃ માંગ, ટેલેન્ટ (પ્રતિભા) અને નીતિગત ઉદ્દેશ્ય. કંપનીએ ડિજિટલ ઈન્ડિયા, ઈન્ડિયાએઆઈ (IndiaAI) મિશન અને ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશનને તેના લાંબા ગાળાના રોકાણના મુખ્ય આધારસ્તંભ ગણાવ્યા છે. રોબિન ખુદાએ આ વાતને સ્પષ્ટ શબ્દોમાં રજૂ કરીઃ મૂડી ગતિશીલ છે, અને જે દેશો નિશ્ચિતતા, સંકલન અને ગતિ સાથે આગળ વધશે તેઓ AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણની આગામી લહેરને કબજે કરશે. તેમણે સંકેત આપ્યો કે ભારત તે દિશામાં આગળ વધી રહ્યું હોવાના સંકેતો દેખાઈ રહ્યા છે.